# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩૧/૧/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ઉદ્યોગકારો અને આયાત–નિર્યાતકારોને સુરત એર કાર્ગો ટર્મિનલની સુવિધાનો લાભ લેવા ચેમ્બરનો અનુરોધ

## એર કાર્ગોની સુવિધાની માહિતી માટે ચેમ્બર દ્વારા હેલ્પલાઇનની શરૂઆત

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અખબારી યાદીમાં જણાવે છે કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોની સુરત એરપોર્ટ પરથી એર કાર્ગો સેવા શરૂ કરવાની લાંબા સમયની માંગણી સંતોષાઇ છે. બુધવારે, તા. ૨૯મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સુરત એરપોર્ટ પરથી સુરત એર કાર્ગો ટર્મિનલની શરૂઆત થઇ ગઇ છે. કાર્ગો ટર્મિનલમાં સર્વેલન્સ અને સિકયુરિટી સિસ્ટમ ખૂબ જ આધુનિક ગોઠવવામાં આવી છે. જેને કારણે સુરતના ઉદ્યોગોનો ગ્રોથ હજી વધશે.

કોઇપણ બિઝનેસમાં ગ્રોથ માટે લોજિસ્ટીક ખૂબ જ મહત્વનું હોય છે. એના માટે રેલ્વે, રોડ અને એર કનેકટીવિટી જેવા ઇન્ફ્રાસ્ટ્રકચરની જરૂરિયાત હોય છે. આજના યુગમાં એર કાર્ગોની સૌથી મહત્વની ભૂમિકા રહેતી હોય છે. કારણ કે, રેલ્વે તથા રોડની સામે એર કાર્ગો વધારે ઝડપથી સેવા આપી શકે. પેરીશેબલ (અમુક સમય બાદ નાશ પામતી ચીજવસ્તુઓ) કાર્ગો માટે સમયપર ડિલીવરી ખૂબ જ જરૂરી હોય છે.

અત્યાર સુધી નિર્યાતકારો તેમની પ્રોડકટ અન્ય શહેરોથી મોકલતા હોવાથી તેમાં સમય અને રૂપિયા બંને વેડફાતા હતા. હવે ડાયરેકટ સુરતથી જ પ્રોડકટ મોકલવાનું શરૂ થયુ છે ત્યારે ઓછા સમયમાં અને ઓછા ખર્ચે આયાતકારો અને નિર્યાતકારો તેઓની પ્રોડકટ દેશ તથા વિદેશના ખૂણે મોકલી શકે છે અને મંગાવી પણ શકે છે. આથી ચેમ્બર સુરત એર કાર્ગો ટર્મિનલની સેવાનો લાભ લેવા માટે ઉદ્યોગકારો તેમજ આયાત–નિર્યાતકારોને ખાસ અપીલ કરે

છે. સુરત એર કાર્ગો ટર્મિનલની સેવાનો લાભ લેવા માટે ચેમ્બરે એક હેલ્પલાઇનની પણ શરૂઆત કરી છે. ચેમ્બરના લેન્ડલાઇન નંબર **૦૨૬૧–૨૨૯૧૧૧૨** નો સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકાશે.

હાલમાં સુરત એરપોર્ટથી જુદી–જુદી એરલાઇન્સ જેવી કે સ્પાઇસ જેટ, ઇન્ડીગો અને એર ઇન્ડીયા દ્વારા ડોમેસ્ટીક કાર્ગો લઇ જવામાં આવે છે. સુરત એરપોર્ટ પરથી વાર્ષિક કુલ આશરે ૩ હજાર મેટ્રીક ટન કાર્ગો નોંધાયો છે. હવે તૈયાર થયેલા કાર્ગો ટર્મિનલની ક્ષમતા વાર્ષિક ૫૦ હજાર મેટ્રીક ટન કાર્ગોની છે. ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, કેમિકલ, એગ્રીકલ્ચર (કેરી, ચીકુ, કેળા વિગેરે ફળફળાદી), ફલોરીકલ્ચર અને સી ફૂડ સહિત તમામ ઉત્પાદનો માટે કાર્ગોની સુવિધા છે. કાર્ગો ટર્મિનલ ખાતે બે સ્ટ્રોન્ગ રૂમ તથા બે કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કરવામાં આવ્યુ છે.

વર્ષ ૨૦૧૭થી એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયાએ કાર્ગો પ્રોજેકટની કામગીરી આરંભી હતી, જે વર્ષ ૨૦૧૯માં પૂર્ણ થઇ હતી. સુરત એરપોર્ટ પર વિકાસના નવા પ્રોજેકટ હાથ ધરાયા છે. રન–વે તથા પેરેલલ ટેકસી–વેની કામગીરી પૂર્ણ થતા સુરત એરપોર્ટની ક્ષમતા વધશે. કાર્ગો ટર્મિનલના આરંભ સાથે જ સ્પાઇસ જેટ દ્વારા ખાસ ફ્રેઇટર એરક્રાફટ (સ્પાઇસ એક્ષ્પ્રેસ) સર્વિસ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી અને તા. ૧૫ ફેબ્રુઆરીથી સ્પાઇસ જેટ ફ્રેઇટર ઓપરેટ કરશે.